Extra No. 146

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **THURSDAY, JUNE 4, 2026 / JYAISTHA 14, 1948**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેક્ટર અને જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

આમુખ:

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, (રાજ્ય) માર્ગ અને મકાન વિભાગ, સા.કાં.ના તા.૩૦/૦૫/૨૦૨૬ના પત્ર નં.પીબી/૧૯૨૯/૨૦૨૬

(2) પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાના તા.૦૨/૦૬/૨૦૨૬ના પત્ર ક્રમાંક:ટ્રાફિક/રેલ્વે ફાટક/બંધ/અભિપ્રાય/૭૫૩/૨૦૨૬

આદેશ:

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી), ૩૩(૧)(સી) અન્વયે વાહન વ્યવહાર નિયમન અંગેનું જાહેરનામું.

નં.પી.ઓ.એલ.-૨/રસ્તો/ડાયવર્ઝન/જાહેરનામું/વશી/૮૧૧/૨૦૨૬ આમુખ-(૧)ના પત્રની વિગતે પ્રાંતિજ હરસોલ રસ્તાને ચારમાર્ગીયકરણનું કામ હાલ પ્રગતિમાં હોઈ સદર રોડ પ્રાંતિજ શહેરી વિસ્તારમાંથી પસાર થતો હોઈ અને સદર રસ્તા પર સ્કુલો તેમજ સરકારી કચેરીઓ આવેલ હોઈ દિવસ દરમ્યાન ત્યાંથી ભારે વાહનો પર પ્રતિબંધ કરવો જરૂરી હોઈ તેમજ અગાઉ પ્રસિધ્ધ કરેલ જાહેરનામાની મુદત તા.૦૩/૦૬/૨૦૨૬એ પૂર્ણ થતી હોઈ વધુ ત્રણ માસ સુધી પ્રાંતિજ હરસોલ રસ્તો ટ્રાફિક માટે બંધ કરી જણાવેલ વૈકલ્પિક રૂટ મુજબ ટ્રાફિક ડાયવર્ટ કરવા અંગે જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ છે.

આમુખ-(૨)થી પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાના અભિપ્રાય મુજબ જણાવેલ વૈકલ્પિક રસ્તા મુજબ જાહેરનામું પ્રસિધ્ધ કરવા સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે.

વાસ્તે, પ્રાંતિજ હાઈવે ત્રણ રસ્તા તરફથી પ્રાંતિજ રેલ્વે રોડ થઈ વાવડી ચોકડી તલોદ તરફ તથા વાવડી ચોકડી તલોદ તરફથી પ્રાંતિજ રેલ્વે સ્ટેશન રોડ થઈ પ્રાંતિજ હાઈવે ત્રણ રસ્તા તરફ ભારે વાહનોની અવર-જવર બંધ કરવા સંબંધે અત્રેથી જાહેરનામું 'પ્રસિધ્ધ કરવું આવશ્યક જણાય છે. જેથી નીચે દર્શાવેલ વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

સબબ, હું લલિત નારાયણ સિંઘ સાંદુ(આઈ.એ.એસ.) કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩ (૧) (બી) તથા ૩૩ (૧) (સી) અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું.

-:: જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર અને વૈકલ્પિક રસ્તાનો રૂટ::-

ક્રમ	પ્રતિબંધિત રૂટ	વાહનનો પ્રકાર	વૈકલ્પિક રૂટ
૧	પ્રાંતિજ હાઈવે ત્રણ રસ્તા તરફથી પ્રાંતિજ રેલ્વે રોડ થઈ વાવડી ચોકડી તલોદ તરફ	ભારે વાહનો માટે	પ્રાંતિજ હાઈવે ત્રણ રસ્તાથી સલાલ ચોકડી, સોનાસણ, રામપુરા ચોકડી થઈ વાવડી ચોકડી તલોદ તરફ
૨	રેલ્વે સ્ટેશન રોડ થઈ પ્રાંતિજ વાવડી ચોકડી તલોદ તરફથી પ્રાંતિજ હાઈવે ત્રણ રસ્તા તરફ	ભારે વાહનો માટે	તલોદ વાવડી ચોકડી તરફથી રામપુરા ચોકડી થઈ સોનાસણ, સલાલ ચોકડી થઈ પ્રાંતિજ તરફ

-:: જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો ::-

આ હુકમ તા.૦૪/૦૬/૨૦૨૬ના ૦૦:૦૦ કલાકથી થી તા.૦૩/૦૯/૨૦૨૬ના ૨૪:૦૦ કલાક સુધી અમલમાં રહેશે

- :: જાહેરનામા મુજબ પ્રતિબંધિત કૃત્યો ::-

પ્રતિબંધિત વિસ્તારમાં ભારે વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ ફરમાવવા હુકમ કરવામાં આવે છે.

-::જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ ::-

હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ સજા/દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ રાબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આથી હું આદેશ આપું છું કે, હુકમની જાહેરાત ઉપર દર્શાવેલા વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ નકલો ચોટાડીને દૂતથા ગુજરાત સરકારના અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરીને જાહેર કરવું

કાર્યપાલક ઈજનેરશ્રી, (રાજ્ય) માર્ગ અને મકાન વિભાગ, સા.કાં. ધ્વારા પ્રતિબંધિત વિસ્તાર તેમજ વૈકલ્પિક રૂટ અંગેના જરૂરી સાઈન બોર્ડ લગાવવાના રહેશે. :

આજ તા. ૪થી જુન, ૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

લલિત નારાયણ સિંઘ સાંદુ
કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા, હિંમતનગર

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.06.29 15:49:12 IST